૬૦૨/૩,૩૧૪

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૫ જૂન, ૨૦૧૪)**

(સમય : બપોરે ૨ : ૦૦ થી ૫ : ૦૦) **સત્સંગ પ્રવીણ - ૨**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** (કુલ ગુણ : ૧૦૦)

વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવીણ - નવમી આવૃત્તિ, ફેબ્રુઆરી - ૨૦૧૩

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''મહારાજે આપણી બહુ જ રક્ષા કરી છે.'' (૭૫)

૨. ''સૂર્યવંશી તો નથી થઈ ગયા ને ?'' (૧૦)

૩. ''જે અમારા ખરેખરા સત્સંગી હો તે આવો, ત્યાગી કરવા છે.'' (૮૬)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (બારેક લીટીમાં)** [૯]

૧. અક્ષરબ્રહ્મ ચિરંજીવ છે. (૭૧-૭૨)

૨. ટરોરોમાં અસંખ્ય જીવો સત્સંગમાં રસ લેતા થયા. (૯૬)

૩. ગૃહસ્થાશ્રમી પુરુષે મા, બહેન અને દીકરી તેની સાથે આપત્કાળ વિના પણ એકાંત સ્થળે ન રહેવું. (૧)

૪. શ્રીજીમહારાજે મછિયાવનો ત્યાગ કર્યો. (૧૮)

**પ્ર.૩ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** [૮]

૧. આજ્ઞા (૬૫-૬૮) **અથવા** ૨. સંપ્રદાયનાં તીર્થો (૨૨-૨૪)

૩. રામબાઈ (૭૨-૭૪) **અથવા** ૪. બંધિયાના ડોસાભાઈ (૮૪-૮૬)

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૬]

૧. વચનામૃત ગ્રંથની વિશેષતા શું છે ? (૩૩)

૨. ત્રીજી માનસી પૂજા ક્યારે હોય છે ? (૪૪)

૩. સાધુએ સત્સંગીના ઘેર ક્યારે જવું ? (૮)

૪. સત્સંગી ભક્તોએ શેનો સંગ્રહ કરવો જોઈએ ? (૨)

૫. આફ્રિકા સત્સંગ મંડળના પ્રણેતા કોણ હતા ? (૯૪)

૬. કલ્યાણદાસ ક્યાં અને કોની પાસે વર્તમાન ધરાવી સત્સંગી થયા હતા ? (૧૧)

**પ્ર.૫** 'વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૫૪' (૫૬-૫૮) - **નિરૂપણ લખો.** [૫]

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** [૫]

**વિષય :- સુરાખાચર (૭૪)**

**૧.** સુરાખાચર લોયા ગામના હતા. **૨.** ચોરો સુરાખાચરના દાગીના ચોરી ગયા. **૩.** સંકલ્પ કરો કે તેમાંથી આખી રકમ શ્રીજીમહારાજની સેવામાં વાપરવી. **૪.** શ્રીજીમહારાજ લોયા બે માસ રહ્યા. **૫.** આ અમારા જતિ આવ્યા. **૬.** સુરાખાચરે જેતપુર ઠાકોર સાહેબની વિનંતી સ્વીકારી. **૭.** મારી દીકરીને તાવ આવ્યો છે તેથી દવાની જરૂર પડી છે. **૮.** મહારાજ ! આપ તો ગરીબનિવાજ છો. **૯.** હરિભક્તો ૬૦ મણ રીંગણાં ને ૧૨ મણ ઘી લાવ્યા. **૧૦.** હરિભક્તો ૫૦ મણ રીંગણાં ને ૧૨ મણ ઘી લાવ્યા.

**ફક્ત નંબર :-** ☐ ☐ ☐ ☐ ☐

**પ્ર.૭ નીચે આપેલી પંક્તિ પૂર્ણ કરો.** [૮]

૧. વહાલા તારે જમણે ....... શશીકળા ક્ષીણ છે રે લોલ. (૬૫)

૨. કાલ માયા પુરુષ ....... અહં નમામિ. (૯)

૩. પંચરંગી પુષ્પનાં ....... શોભે ઘણેરાં. (૧૬)

૪. કામ ક્રોધ ને લોભ ........ લેજ્યો હરિ તેહ. (૭૭)

**પ્ર.૮ નીચે આપેલાં જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો.** [૬]

૧. જનમંગલસ્તોત્રમ્ : ૐ સિધ્ધેશ્વરાય નમઃ.......... ૐ પ્રશાન્તમૂર્તયે નમઃ ॥ (૪૭)

૨. દિવ્યાકૃતિત્વ ....... શરણં પ્રપદ્યે ॥ (૨૫)

૩. સમદુઃખસુખઃ ......... સ ઉચ્યેત ॥ (૯૧) - શ્લોકનું ગુજરાતી ભાષાંતર કરો.

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રવીણ-૨''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

## વિભાગ - ૨ : ગુણાતીતાનંદ સ્વામી - દશમી આવૃત્તિ, ફેબ્રુઆરી - ૨૦૧૩

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''જેથી સ્ત્રી-પુરુષના ભાવથી તે પર થયા હતા.'' (૩૩)

૨. ''તેમની સેવા અને સમાગમ કરશો તો તમારું કામ થઈ જશે.'' (૪૩)

૩. ''જુઓ, અમારા તિલક.'' (૩૦)

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (નવેક લીટીમાં)** [૯]

૧. પાર્ષદો ઘાસ લઈને આવ્યા પછી જ વરસાદ પડ્યો. (૪૯)

૨. મુક્તાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીને ઊભા થયેલા જોઈ આશ્ચર્ય પામ્યા. (૨૧)

૩. સામાન્ય જ્ઞાતિના મુમુક્ષુઓનાં દર્શનની ત્યાગીઓને અપેક્ષા રહેતી. (૬૫)

૪. આચાર્ય મહારાજે ફરમાન કર્યું કે સભામાં સ્વામી જ વાતો કરશે. (૫૬)

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** [૮]

૧. મૂર્તિમાં રસબસ (૩૫-૩૬) ૨. સત્સંગમાં અક્ષરબ્રહ્મનું પ્રવર્તન (૫૧-૫૩) ૩. સ્વામી ઉપશમમાં (૫૯-૬૧)

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૬]

૧. ત્વચામાં અને નાસિકામાં શેનો કાંટો વાગે ? (૬૨)

૨. સ્વામીના કૃપાપાત્ર કયા કયા હરિભક્તો હતા ? (૭૫)

૩. જૂનાગઢ જતાં સ્વામીને ભાતું બંધાવતા મહારાજ કઈ સાખી બોલ્યા ? (૪૧)

૪. સ્વામી ક્યાં બ્રહ્મધામમાં પધાર્યા ? (૮૨)

૫. સ્વામીએ કયા ચાંદલા સુધી પૂગવાની વાત કરી ? (૫૬)

૬. દેવાનંદ સ્વામી સેવાથી રાજી થઈ ગુણાતીતાનંદ સ્વામીને શું આપવા તૈયાર થયા ? (૩૨)

**પ્ર.૧૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** [૪]

૧. ગુણાતીત વાતું (૫૦-૫૧) ૨. મૂળજીની ભજન કરવાની રુચિ (૪-૫) ૩. સેવાવૃત્તિ (૨૭-૨૮)

**પ્ર.૧૪ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૮]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. પ્રાગજી ભક્ત (૭૪)

(૧) ☐ પંદર વર્ષ ગોપાળાનંદ સ્વામીનો સમાગમ (૨) ☐ ''સ્વામી ! મને મોક્ષ આપો.''

(૩) ☐ સાડા ત્રણ વર્ષ મંદિરની વિવિધ સેવામાં દેહને ઘસી નાંખ્યો. (૪) ☐ નવ દિવસ સુધી અખંડ ભજન.

૨. ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢ મંદિરના મહંત બનાવી તેમની મદદમાં રહેવા શ્રીજીમહારાજે કોને કોને ભલામણ કરી ? (૪૨)

(૧) ☐ ગોપાળાનંદ સ્વામી (૨) ☐ અચિંત્યાનંદ બ્રહ્મચારી

(૩) ☐ પરમાનંદ સ્વામી (૪) ☐ અખંડાનંદ બ્રહ્મચારી

૩. મૂળજી શર્માનો ગૃહત્યાગ અને દીક્ષા. (૧૩)

(૧) ☐ ''આ જગતમાં બ્રહ્મતેજ તો સુકાઈ ગયું છે.'' (૨) ☐ ''તમે તમારું ઘર બાળીને આવ્યા છો ?''

(૩) ☐ દેહકી વૃત્તિ એક હૈ, ભાવે તહીં લગાઓ. (૪) ☐ સંવત ૧૮૬૮ના પોષ માસમાં શ્રીજીમહારાજે દીક્ષા આપી.

૪. ગુણાતીતાનંદ સ્વામીના ચાર પ્રશ્નો. (૨૬)

(૧) ☐ ભગવાનનું અખંડ ધ્યાન કરવું. (૨) ☐ કીર્તન-ભક્તિ કરવી.

(૩) ☐ માંદાની સેવા કરવી. (૪) ☐ વાતો કરવી.

❊ ❊ ❊

**સૂચના :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૬ જુલાઈ, ૨૦૧૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાનાં પાનાં જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ. પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલી પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં. અસ્પષ્ટ અને ઉકેલી ન શકાય તેવા જવાબો માન્ય ગણાશે નહિ. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. પરીક્ષાખંડમાં પરીક્ષા દરમ્યાન કોઈ પણ પરીક્ષાર્થીએ મોબાઈલ ફોન તથા ઈલેક્ટ્રોનિક સાધનો જેવાં કે ટેબ્લેટ, લેપટોપ વગેરેનો ઉપયોગ કરવો નહિ તથા પોતાની પાસે રાખવા પણ નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિ:શુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**